-130-9-2013

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી

નં. પરીક્ષા/૨-અ/B.Ed./૪૦૩૦૫/૨૦૧૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૩૦-૦૯-૨૦૧૩

**પરિપત્ર નં. : ૨૩૧**

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ.

**વિષય : ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ અંગે.**

ઉપરોક્ત બાબત પરત્વે આદેશાનુસાર જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન આપની સંસ્થામાં ગુજરાત યુનિવર્સિટી સિવાયનાં જે વિદ્યાર્થીઓ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓનાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી લીધેલ હશે પરંતુ જો કોઈ સંજોગોવશાત અત્યાર સુધીમાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી શકેલ ન હોય તો તે મેળવી લઈ અને તેવા વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન, યાદીમાં દર્શાવેલ સીરીયલ નંબર અનુસાર યાદી બનાવી મોકલી આપવી. **(ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટની ખરી નકલ આ સાથે બીડવાની રહેશે.)**

વધુમાં જે વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ હજુ સુધી મેળવ્યા ન હોય તેવા વિદ્યાર્થીઓની અલગ યાદી રજિસ્ટ્રેશન યાદીમાં દર્શાવેલ સીરીયલ નંબર અનુસાર મોકલી આપવી.

**ઉપરોક્ત માહિતી નીચેના નમૂના મુજબ તા. ૫મી ઓક્ટોબર, ૨૦૧૩ સુધીમાં મળે તે રીતે બિનચૂક મોકલી આપવાની રહેશે. જે વિદ્યાર્થીનું ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ જમા ન કરાવેલ હોય તેમના રજિસ્ટ્રેશન નંબર ફાળવવામાં આવશે નહીં અને તેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં. જે અંગેની નોંધ લેશો.**

| અનુ. નંબર | યુનિ. પરીક્ષાનો બેઠક નંબર | વિદ્યાર્થીનું નામ | ફાઇનલ એલિજિ.ની નકલ સામેલ છે. / હા / ના |
|---|---|---|---|
| | | | |

આભાર સહ,

આપનો વિશ્વાસુ

કા, કુલસચિવ વતી.

નકલ રવાના :

(૧) પરીક્ષા નિયામકશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

(૨) એસ.ઓ.શ્રી, એલિજિબિલિટી વિભાગ, ગુજ. યુનિ. અમદાવાદ-૯.

E\deepak\B.Ed. Paripatra.pmd.